શૈક્ષણિક સંસ્થાઓની આજુબાજુનાં વિસ્તારમાં
ગુટખાનાં વેચાણ પર પ્રતિબંધ મૂકવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૨/૪૪૩/ડ
તા. 23 JAN 2012

**સંદર્ભ:-**(૧) ગૃહ વિભાગનો તા.૧૦.૧૦.૯૭ નો પરિપત્ર ક્રમાંક/પરચ/૨૯૯૭/૧૦૪૫૦/ડ,
(૨) શિક્ષણ વિભાગનો તા.૯.૧.૧૨ નો ક્રમાંક:પરચ/૧૩૨૦૧૧/૧૬૫૯/વ-૨

પરિપત્ર:-

આ વિભાગના ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૧૦.૧૦.૯૭ ના પરિપત્રથી શૈક્ષણિક સંસ્થાઓની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ગુટખાનાં વેચાણ પર પ્રતિબંધ મૂકવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આમ છતાં, આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ થતો નથી તેવું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ.

હાલમાં માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષ સ્થાને તા.૨૦.૯.૨૦૧૧ ના રોજ માન.સંસદ સભ્યો/ધારાસભ્યશ્રીઓની પરામર્શ સમિતિની બેઠક મળેલ હતી. જેમાં શાળા/કોલેજોની નજીકમાં ગુટકાના ગલ્લાઓ ન રાખવા દેવા અંગે પ્રતિબંધાત્મક આદેશોના અમલવારી કરવા નિર્ણય લવાયેલ હતો. જેથી શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ-(૨) માં દર્શાવેલ તા.૯.૧.૨૦૧૨ ના પત્રથી શૈક્ષણિક સંસ્થાઓની આજુબાજુનાં વિસ્તારમાં ગુટકાનાં વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવેલ આદેશોનો અમલ કરવા જણાવવામાં આવેલ છે.

આપના નિયંત્રણ હેઠળના સર્વે પોલીસ અધિકારીઓને વિભાગના તા.૧૦.૧૦.૯૭ ના પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાની સૂચના આપવા આથી પુનઃ જણાવવામાં આવે છે.

(મનીષ મોદી)
ઉપસચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**
(૧) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
(૨) સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

**નકલ રવાના:-**
-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.
-ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર